415

" દિવ્ય ભાસ્કર "

તા. ૩/૯/૨૦૦૮

# સુરત મહાનગરપાલિકા



**નગર રચના યોજના, સુરત નં. ૬૮ (પુણા-સીમાડા) નો મુસદ્દો પ્રસિદ્ધ કરવા બાબત**

## અધિસૂચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ ની કલમ-૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વય તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : અંતિમ નગર રચના યોજના સુરત નં. ૨૦ (નાના વરાછા-કપાદ્રા) તથા ડ્રાફટ નગર રચના યોજના, સુરત નં. ૩૮ (નાના વરાછા)

દક્ષિણે: મોજે:પુણા તથા સીમાડા ગામનો બાકીનો ભાગ

પૂર્વે : ડ્રાફટ નગર રચના યોજના સુરત નં. ૨૧ (સરથાણા-સીમાડા) તથા સીમાડા ગામનો બાકીનો ભાગ

પશ્ચિમે: સૂચિત નગર રચના યોજના સુરત નં. ૬૦ (પુણા)

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રીની કચેરી; ટાઉન પ્લાનીંગ વિભાગના નોટિસ બોર્ડ પર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસૂચન પ્રસિદ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઇપણ વ્યક્તિ આ યોજના સંબંધમાં વાંધા/સૂચનો બે નકલોમાં લેખિતમાં કમિશનર, સુરત મહાનગરપાલિકાને સુપરત કરશે તો, આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

નં.પી આર ઓ / ૨૬૬/૨૦૦૮-૦૯
તા. ૦૨/૦૯/૨૦૦૮

સહી/-
કમિશનર
સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૬-૮-૦૮ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

x x x x x x x x x x x x x x x x x x x x x x x

મ્યુનિ. કમિશનરશ્રીના તા. ૨૦-૮-૦૮ના પત્ર નં. સીમીસ/૮/૧૪ થી વિદિત થઇ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૬૮ (પુણા-સીમાડા)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ -૪૨ (૧) મુજબ પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી કરવાનું તથા દરખાસ્ત સાથે સામેલ અધિસૂચન મંજૂર કરવાનું તથા તેને આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુનિ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૩૭/૨૦૦૮ સર્વાનુમતે મંજૂર**